
# ૮. વિટામિન ઝિંદાબાદ

– મગનલાલ ગંધા

નિરીક્ષણ અને ચર્ચા કરીએ.




(ડૉક્ટર, કંપાઉન્ડર, ૩ થી ૪ દર્દીઓ, વિટામિન એ, બી, સી, ડી.)
દવાખાનાનું દશ્ય – કંપાઉન્ડર ગીત ગણગણતો સફાઈ કરે છે અને ઘડિયાળ તરફ નજર કરે છે.

કંપાઉન્ડર : હં.... ૯ વાગ્યા ! હવે સાહેબ આવવા જોઈએ. (ત્યાં જ એક દર્દી પ્રવેશે છે.)

દર્દી ૧ : ડૉક્ટર સાહેબ છે કે?

કંપાઉન્ડર : હમણાં આવશે. ત્યાં બેસો.

દર્દી ૨ : છે કે ડૉક્ટર સાહેબ?

કંપાઉન્ડર : બેસો. હમણાં આવશે.

દર્દી ૩ : (શરીર ખંજવાળતા) અરે રે...સાહેબ! આ ખંજવાળ તો ભારે હેરાન કરે છે.

કંપાઉન્ડર : ત્યાં જ બેસો. સાહેબ હવે આવશે. ત્યાં સુધીમાં કેસ કઢાવી લો. (ત્રણે દર્દી વારાફરતી કંપાઉન્ડર પાસે આવે છે.)

દર્દી ૪ : ઓય..... ઓય..... મરી ગયો એ ડૉક્ટર સાહેબ ।

કંપાઉન્ડર : સાહેબ આવી જ રહ્યા છે. તમે ત્યાં જ બેસો (ત્યાંજ ડૉક્ટર પ્રવેશ કરે છે.)

કંપાઉન્ડર : 'ગુડ મોર્નિંગ ..... સર'

ડૉક્ટર : 'ગુડ મોર્નિંગ' (તેમની કેબિનમાં જાય છે.)

કંપાઉન્ડર : દર્દી-૧ અંદર જશે.

ડૉક્ટર : બોલો...... શું થાય છે તમને?

દર્દી-૧ : મારું આખું શરીર તૂટે છે. કળતર રહ્યા જ કરે છે. આંખે પૂરું દેખાતું નથી. રોગ જતો જ નથી.

ડૉક્ટર : અહીં સૂઈ જાવ. તપાસી આપું છું. (સ્ટેથોસ્કોપથી તપાસે છે. જીભ કઢાવે છે.)

ડૉક્ટર : બહારથી દવા લખી આપું છું. થોડી વાર બહાર બેસજો. (દર્દી-૧ બહાર નીકળે છે – બેલ વાગે છે. દર્દી-૨ પ્રવેશે છે.)

ડૉક્ટર : તમને શું થાય છે? કહો.

દર્દી-૨ : મને ભૂખ જ લાગતી નથી. ખાવાનું ભાવતું પણ નથી. સાંધા દુઃખે છે, નબળાઈ લાગે છે. મોઢું પણ આવી ગયું છે.

ડૉક્ટર : (બેટરી લઈ મોઢું તપાસે છે.) આ તો રોગનું જ ઘર છે. દવા તો આપું છું પણ થોડીવાર બેસજો. (દર્દી-૨ બહાર નીકળે છે, બેલ વાગે છે, દર્દી-૩ પ્રવેશે છે.)

દર્દી-૩ : (શરીર ખંજવાળતાં ખંજવાળતાં જ) આ જુઓને ખંજવાળ જતી જ નથી. અને આ ગૂમડાં (પગનાં ગૂમડાં બતાવતાં) થયાં છે.

ડૉક્ટર : તમારું લોહી અશુદ્ધ થઈ ગયું છે. તમારે લોહી તો તપાસાવવું જ પડશે.

દર્દી : મોંના પેઢામાં રસી પણ થઈ છે.

ડૉક્ટર : આ દવા લખી આપું છું. બે દિવસ પછી ફરીથી બતાવવા આવજો. અને હમણાં થોડીવાર બેસજો. મારે કામ છે. (દર્દી-૩ જાય છે, બેલ વાગે છે, દર્દી-૪ પ્રવેશે છે.)

દર્દી-૪ : ડૉક્ટર સાહેબ, જુઓને આ શરીર ! ભગવાને મારા ઉપર કેવો અન્યાય કર્યો છે !

ડૉક્ટર : આ તો પેટ ગાગરડી ને પગ દોરડી છે. તમને તો 'સૂકતાન' લાગે છે. હું દવા લખી આપું છું. બહારથી લેવાની છે. થોડીવાર બેસો.

દર્દી-૪ : ભલે સાહેબ.

(ડૉક્ટર બેલ મારે છે. કંપાઉન્ડર પ્રવેશે છે.)

ડૉક્ટર : બધા દર્દીઓને અંદર મોકલ.

(દર્દીઓ સાથે જ અંદર પ્રવેશે છે.)

ડૉક્ટર : તમે ચારેય જણા શરીરની સંભાળ રાખતા નથી. સાચું સમજતા નથી તેથી હું તમને એક પછી એક ચાર પાત્રો દ્વારા સમજાવું છું. સમજવાનો પ્રયત્ન કરજો.

(ડૉક્ટર તાળી પાડે છે - વિટામિન એ પ્રવેશે છે.)

વિટામિન એ : જુઓ, દર્દી નં.૧, મારી સામે જુઓ. તમારા શરીરમાં મારી ખામી છે.

દર્દી-૧ : તમારું નામ શું છે?

વિટામિન એ : મારું નામ વિટામિન એ છે, મને મેળવવા તમારે પાંદડાંવાળી ભાજી, દૂધ, ગાજર, ફુદીનો, પપૈયાં, પાકી કેરી વગેરે ખાવાં જોઈએ. તો જ તમારી ફરિયાદ દૂર થશે.

(ડૉક્ટર તાળી પાડે છે. વિટામિન બી પ્રવેશે છે.)

વિટામિન બી : બોલ ભાઈ દર્દી, તને થઈ શરદી; હું છું વિટામિન બી. મારી ખામીથી બેરીબેરી કે પેલાગ્રા જેવા રોગ થાય. જીભ-મોં આવી જાય. મને મેળવવા અનાજનાં ફોતરાં, કઠોળ, ઈંડાં, દૂધ, શાકભાજી ખાવાં જોઈએ.

દર્દી-૨ : આ તો સારું કહેવાય. દવાના પૈસા ના હોય તો પણ આ બધું તો ખવાય જ.

(ડૉક્ટર તાળી પાડે છે. વિટામિન સી પ્રવેશે છે.)

વિટામિન સી : હું છું વિટામિન સી. દર્દી નં.૩, તમે આખું શરીર ખંજવાળો છો ને? તમારા શરીરને મારી જરૂર છે. કોબી ખા, ફ્લાવર ખા, ટામેટાં-ગાજર અને કાકડી ખા. આમળાં લીંબુ અને સંતરા ખા, ફણગાવેલા કઠોળ ખા.

(ડૉક્ટર તાળી પાડે છે. વિટમિન ડી પ્રવેશે છે.)

વિટામિન ડી : મારું નામ વિટામિન ડી. દૂધ, કોડલીવર ઑઇલ, માખણ, સૂરજ આ બધું હોય તો મારી ખામી ન રહે. સવારનો સૂર્યપ્રકાશ-તડકો તો મફત મળે અને તેનાથી સૂક્તાન જાય.

ડૉક્ટર : જુઓ, તમારા રોગો સામે વિટામિન એ,બી,સી,ડી કઈ કઈ વસ્તુમાંથી મળે છે તે તમે સમજ્યાને?

દર્દીઓ : હા...... અમને બધું જ સમજાઈ ગયું.

વિટામિન એ : સાહેબ, હજુ વધુ સમજાવવા અમે સમૂહગીત ગાઈએ છીએ, દર્દીઓ તમે પણ સાથે ઝીલજો હોં !

ગીત : (કૂચગીતનો ઢાળ)

અમે વિટામિન, અમે વિટામિન

અમે જીવનશક્તિ દઈએ (૨)

એ : (દર્દી-૧ બતાવીને)

આંખની હતી ખામી આમને, હતી અશક્તિ સાથ

મારું સેવન કરશે નિત્ય, થઈ જશે નિરાંત.... અમે વિટામિન

બી : બેરીબેરી, સાંધાના દુઃખાવા, જીભ આંતરડાના રોગ (૨)

અનાજ, ફોતરાં, દૂધ, પનીર; કઠોળ, ઈંડાં રોજ

સી : લોહી અશુદ્ધિ, ખંજવાળ ને; દુઃખે દાંતના પેઢાં (૨)

કોબી, ફ્લાવર, ટમેટાં, ગાજર; કાકડી, લીંબુ, ભેળાં (૨)

ડી : દૂધ, માખણ, કોડલીવર ઑઇલ લેજે; સૂર્યકિરણ તો મ...ફ.....ત.

તારું આ સૂક્તાન જશે ને; રાહત થાશે. ત...ર....ત.

બધાં : અમે વિટામિન, અમે વિટામિન;

અમે જીવનશક્તિ દઈએ (૨)

''વિટામિન ઝિંદાબાદ'', ''વિટામિન ઝિંદાબાદ.'' – મગનલાલ ગંધા

## સ્વાધ્યાય

### સ.૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) ખણ................................ (૨) કાયા ................................

(૩) રસના ................................ (૪) ઉણપ ................................

(૫) રક્ત ................................ (૬) રાવ ................................

(૭) પરુ ................................ (૮) વડે ................................

### સ.૨ આડાઅવળા અક્ષરો ગોઠવી અર્થપૂર્ણ શબ્દ બનાવો.

(૧) જખંળવા................................ (૨) સાપાતવું ................................

(૩) ઈનળાબ ................................ (૪) જીકશાભા ................................

(૫) રકોવલીડ ................................ (૬) વુંણફવગા ................................

### સ.૩ શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

(૧) સાથે મળીને ગવાતું ગીત ..................

(૨) જીવન જીવવાનું બળ ..................

(૩) શરીરમાં થતી પીડા ..................

(૪) શુધ્ધ નહીં તેવું ..................

(૫) ધબકારા માપવા માટેનું ડૉક્ટરનું સાધન ..................

## સ.૪ નમૂના પ્રમાણે શબ્દો બનાવો.

કાઢવું - કઢાવવું

(૧) વાંચવુ................................ (૨) લખવું ................................

(૩) નાચવું ................................ (૪) પડવું ................................

(૫) પૂછવું ................................ (૬) આપવું ................................

(૭) સમજવું ................................ (૬) કરવું ................................

## સ.૫ યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| (૧) વીટામિન - એ | (અ) લોહી અશુધ્ધિ |
| (૨) વીટામિન - બી | (બ) સૂક્તાન |
| (૩) વીટામિન - સી | (ક) આંખની ખામી |
| (૪) વીટામિન - ડી | (ડ) બેરીબેરી |

## સ.૬ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

(૧) વિટામિન (૨) ખંજવાળ (૩) સૂક્તાન

(૪) નબળાઈ (૫) શાકભાજી (૬) કળતર

## સ.૭ રેખાંકિત શબ્દ પરથી બીજો શબ્દ બનાવી ખાલી જગ્યા પૂરો.

દા.ત. સાંધા દુ:ખે છે. તેનો દુખાવો અસહ્ય છે.

(૧) બાળકો નિર્દોષ હોય છે. તેમની................ બધાંને ગમે છે.

(૨) કારેલાં કડવાં હોય છે. તેની.................. બધાંને ગમતી નથી.

(૩) તે નબળો છે તેથી તેનામાં ............ છે.

(૪) તેને પગ કળે છે અને ................ ને લીધે તેનાથી ચલાતું નથી.

(૫) ભાઈ એકલો કમાય છે. તેની ................. થી ઘર ચાલે છે.

## સ.૮ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્યો પૂરાં કરો.

(૧) ડૉક્ટર દવાખાનામાં સામાન્ય રીતે......................

(અ) ૮.૦૦ વાગ્યાની આસપાસ આવે છે.

(બ) બરાબર ૯ વાગ્યે આવે છે.

(ક) ૯ વાગ્યાની આસપાસ આવે છે.

(૨) ભૂખ ન લાગે, ખાવાનું ન ભાવે તો....................

(અ) મોઢું આવી જાય છે.

(બ) શરીરમાં અશક્તિ લાગે છે.

(ક) આંખે બરાબર દેખાતું નથી.

(૩) સવારનો સૂર્યપ્રકાશ શરીરને મળે તો ......................................
(અ) 'સૂક્તાન' નો રોગ થતો નથી.
(બ) લોહીની અશુધ્ધિ થતી નથી.
(ક) શરીરમાં ખંજવાળ આવતી નથી.

**સ.૯ પાઠના આધારે ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.**

(૧) તમારું લોહી................... થઈ ગયું છે. તમારે લોહી તો .............જ પડશે.

(૨) અમે વિટામિન, અમે વિટામિન અમે.................. દઈએ.

(૩) આ તો પેટ.............. ને પગ દોરડી છે. તમને તો ................. લાગે છે.

(૪) અરેરે ... સાહેબ ! આ ......................... તો ભારે હેરાન કરે છે.

**સ.૧૦ નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.**

(૧) ''ત્યાં જ બેસો, સાહેબ હવે આવશે. ત્યાં સુધીમાં કેસ કઢાવી લો.''

(૨) ''ઓય.....ઓય..... મરી ગયો એ ડૉક્ટર સાહેબ.''

(૩) ''આ તો સારું કહેવાય. દવાના પૈસા ના હોય તો પણ આ બધું તો ખવાય જ.''

(૪) ''હા ... અમને બધું જ સમજાઈ ગયું.''

**સ.૧૧ સમજીને લખો.**

(૧) નાટકમાંનાં પાત્રો ...................... , ........................... , ......................

(૨) દવાખાનાની સફાઈ કરનાર ...........................

(૩) દવાખાનામાં બેઠેલાં દર્દીઓની સંખ્યા ...........................

(૪) સવારના સૂર્યપ્રકાશનો તડકો લેવા પાછળનું કારણ ...........................

(૫) વિટામિનની સમજ માટે દર્દીઓએ સાથે મળીને ગાયેલા ગીતની કોઈપણ બે લીટી .........

.................................................................................................................

**સ.૧૨ 'સમતોલ આહાર' વિશે ઓછામાં ઓછા ત્રણ-ચાર વાક્યો લખો.**

**સંભાષણ**

'સમતોલ આહાર' વિશે નીચેના મુદ્દાને આધારે ચર્ચા કરો.

૧) પ્રોટીન ૨) ક્ષાર ૩) વિટામીન ૪) કાંજી ૫) ચરબી ૬) પાણી

## પ્રકલ્પ

'સમતોલ આહાર' ના મુખ્ય ઘટકોનાં નામ લખી તે શેમાં શેમાંથી મળે છે? તેનાં ચિત્રો ચોંટાડીને એક ભીંતપત્રક તૈયાર કરો.

**હું વાંચું ........... તમે પણ વાંચો**

### દર્દી અને દર્દ વચ્ચેનો સંવાદ...

દર્દી : તને તો ખબર હોવી જોઈએ કે હું મોટી જવાબદારીઓ માથે લઈને બેઠો છું અને એટલું બધું કામ કરું છું કે મને લગીરે ફુરસદ મળતી નથી. મારા જેવા માણસને પાંચ દહાડા પથારીમાં પડ્યું રહેવું ન પાલવે. મહેરબાની કરી.... મારો પીછો છોડ.

દર્દ : હું ક્યાં વગર નોતર્યે આવું છું? હું તો તારા પોતાના જ આમંત્રણથી આવું છું.

દર્દી : મેં તને ક્યારે નોતર્યો?

દર્દ : તારા પેટને તું પૂછી જો. તારી રહેણી કરણીને પૂછી જો. એ તારા પ્રતિનિધિઓ છે ને એ મને ખાસ ચાહીને બોલાવે છે, ત્યારે જ હું આવું છું.

દર્દી : (વિસ્મય પામી) તારી આ વાત મારી સમજમાં કેમ આવે? જરા વિગતે સમજાવ.

દર્દ : ત્રણ માણસને જોઈએ એટલું તો તું એકલો જ ખાઈ જાય છે. એ પચાવવા માટે શ્રમ કરવો જોઈએ એ તું નથી કરતો. એટલું જ નહિ, પણ બે ડગલાં ચાલતો ય નથી. અને જ્યારે જુઓ ત્યારે ખુરશી પર જ બેઠો રહે છે. આનું પરિણામ એ જ મારા આગમનનું કારણ છે. સમજ્યો?

દર્દી : હં.... હવે સમજ્યો.

## અધ્યાપન સંકેત

પાઠની શરૂઆતમાં આપેલાં ચિત્રોનું નિરીક્ષણ કરાવી વર્ગમાં વિસ્તૃત રીતે સક્રિય ચર્ચા કરવી. 'તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન રહે છે.' આ સુવાક્યને સમજાવી સમતોલ આહારની વાત કરી વિજ્ઞાનના વિષય સાથે અનુબંધ જોડવો. વિટામિન બાબત વિદ્યાર્થીઓમાં રહેલા જ્ઞાનની પ્રશ્નો દ્વારા ખાતરી કરી પ્રસ્તુત પાઠમાં આપેલી માહિતી આપવી. આ કૃતિ શીખી ગયા પછી વિદ્યાર્થીઓ પોતાના ખોરાકમાં પરિવર્તન કરે તે માટે પ્રેરણા આપવી. ડૉક્ટરના સુંદર પાત્ર માટે પ્રશંસા કરીને આજના ડૉક્ટર વિશે પણ ચર્ચા કરવી.

**પહેલું સુખ તે જાતે નર્યા.**

## ઉપક્રમ

★ નીચે આપેલા નમૂના પ્રમાણે શબ્દો બનાવો.

ઉદા. મા છ લી    મા – માતા    છ – છલાંગ    લી – લીમડો

★ જગત– જ ..............    ★ વાદળ – વા ..............    ★ વિસામો – વિ ............

ગ ..............    દ ..............    સા ............

ત ..............    ળ ..............    મો ............

★ નીચેના શબ્દચોરસમાંથી 'તરુવર' કાવ્યમાં આવતા પાંચ શબ્દો શોધો અને વાક્ય બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| બ | ળ | ત | ણ | ભૂ |
| આ | કી | મ | જ | ખે |
| મ | ખા | લ | ગ | આ |
| શિ | કો | ડ | ત | ઘા |
| સ | ઉ | પ | કા | ર |

ઉદાહરણ : બળતણ : ઝાડ આપણને બળતણ આપે છે.

(૧)

(૨)

(૩)

(૪)

(૫)

## ભાષિક સમજ

## વિશેષણ

### વિશેષણના પ્રકાર

**નીચેનાં વાક્યો વાંચો.**

૧) ગંગા પવિત્ર નદી છે.    ૨) નમ્ર બાળકો સૌને ગમે

૩) ગરીબ માણસને મદદ કરો.    ૪) તેણે નવી ગાડી ખરીદી.

રેખાંકિત શબ્દ **ગુણવાચક વિશેષણ** છે જે કેવો, કેવી, કેવું, કેવાં જેવા પ્રશ્ન પૂછવાથી મળે છે.

(૧) ગંગા કેવી નદી છે?    (૨) કેવાં બાળકો સૌને ગમે?

(૩) કેવા માણસને મદદ કરશો?    (૪) તેણે કેવી ગાડી ખરીદી?

**નીચેનાં વાક્યો વાંચો.**

૧) વર્ગમાં ત્રીસ વિદ્યાર્થીઓ છે.    વર્ગમાં કેટલા વિદ્યાર્થી છે?

૨) હાથમાં બે બંગડીઓ છે.    હાથમાં કેટલી બંગડીઓ છે?

રેખાંકિત શબ્દ **સંખ્યાવાચક વિશેષણ** છે જે કેટલો, કેટલી, કેટલાં જેવા પ્રશ્ન પૂછવાથી મળે છે.

ઉત્તર લખવા કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો : (લાલ, મોટો, સપ્તરંગી, પાતળી, લાંબી, સુંદર, લીલુછમ, રંગબેરંગી, જાડો, ચતુર, લુચ્ચું, લીલો, વહેતી, શેકેલા, ધોળો, વફાદાર)

૧) પોપટનો રંગ કેવો છે?......................
૨) હાથી કેવો છે?...............................
૩) કાગડો કેવો છે?......................
૪) ગુલાબનો રંગ કેવો છે?......................
૫) પર્વત કેવો છે?...............................
૬) બિલાડી કેવી છે?............................
૭) જિરાફની ડોક કેવી છે?......................
૮) લાકડી કેવી છે?............................
૯) નદી કેવી છે?................................
૧૦) મેઘધનુષ કેવું છે? ........................
૧૧) ખેતર કેવું દેખાય છે? ....................
૧૨) શિયાળ કેવું હોય? ........................
૧૩) મકાઈના ડોડા કેવા છે? ..................
૧૪) પતંગિયાં કેવાં હોય? .......................
૧૫) બગલાનો રંગ કેવો છે? ....................
૧૬) કૂતરો કેવો હોય?

## યાદ રાખો

★ કેવો, કેવી, કેવું, કેવા, કેવાં થી પ્રશ્ન પૂછી ઉત્તર રૂપે જે શબ્દ આવે, તેને વ્યાકરણની ભાષામાં 'વિશેષણ' કહેવાય.

★ વિશેષણ નામના અર્થમાં વધારો કરે છે.

★ વાક્યમાંથી વિશેષણનો શબ્દ કાઢી લેવા છતાં તે વાક્યનો અર્થ બરાબર સમજાય છે.

ચતુર ગધેડો - લાલ ગુલાબ - હોંશિયાર ગલુડિયું - સુંદર પક્ષી

લાલ, સુંદર, હોશિયાર, ચતુર વિશેષણ છે.

આ <u>અવિકારી વિશેષણ</u> છે. 'અ' એટલે નહિ અને 'વિકાર' એટલે ફેરફાર.

નાનો છોકરો - નાના છોકરાઓ

નાની છોકરી - નાની છોકરીઓ

નાનું બાળક - નાનાં બાળકો

નાનું, મોટું, મોંઘું, નવું, જૂનું, સાંકડું, પહોળું વગેરે વિશેષણો છે.

જેમાં નામને કારણે ફેરફાર થાય છે. આ <u>વિકારી વિશેષણ</u> છે.

## સ્વાધ્યાય

**નીચેનામાંથી વિકારી અને અવિકારી વિશેષણો છૂટાં પાડો.**

ચાલાક, ઊંડુ, તાજું, વાસી, નમ્ર, ગુલાબી, સફેદ, કાળું, સસ્તું, લીસું, અભણ, ભણેલું, લીલું, ઠોઠ

## લેખક-કવિ પરિચય

### (૧) મૈત્રીભાવનું પવિત્ર ઝરણું (પ્રાર્થના)

ચિત્રભાનુ : શ્રી ચિત્રભાનુ પ્રમોદજી જૈન મુનિ છે. તેમનો જન્મ ૧૯૨૨માં રાજસ્થાનમાં તખ્તગ્રહમાં થયો હતો. તેઓ જૈન ધર્મના તત્વજ્ઞાની છે. ૧૯70માં સાધુ જીવનમાંથી પાછા ફર્યા બાદ તે શ્રાવક બની રહ્યા. તેમણે જૈન ધ્યાનકેન્દ્રની સ્થાપના મેનહટનમાં કરી છે. તેમણે કુલ ૨૫ પુસ્તકો લખ્યાં છે.

### (૩) ત્રિરંગો : લહેરાતો (દેશભક્તિ)

મણિલાલ એમ શ્રીમાળી 'મિલન' : મણીલાલ શ્રીમાળીનો જન્મ ઈ.સ. ૧૯૫૭માં અમદાવાદના પીસાવડામાં થયો હતો. તેઓ ગાંધીનગર સ્થિત સ્ટેટ બેંક ઑફ ઇંડિયાના ડેપ્યુટી હેડ કેશિયર તરીકે ફરજ પર હતા. 'ચરિત્ર', 'ડોલતાં ફૂલડાં', 'તરણું', 'હીંચકો' તેમનાં પ્રસિદ્ધ પ્રકાશનો છે.

### (૪) મૂર્તિ (પ્રસંગકથા)

ડૉ. આઇ. કે. વીજળીવાળા ★ ડૉ. ઇનુસભાઇ કે વીજળીવાળાનો જન્મ ઈ.સ. ૧૯૬૦માં ભાવનગર જિલ્લાના અમરગઢમાં થયો હતો. તેઓ એમ.ડી. (બાળરોગ નિષ્ણાત) થયેલા છે. તેમણે ગુજરાતી પુસ્તકોનો ભાવાનુવાદ કર્યો છે. ઉપરાંત સત્યકથાઓ પણ લખી છે. બાળસાહિત્યમાં હીરાનો ખજાનો અને બાળ આરોગ્યશાસ્ત્ર જેવી જાણીતી કૃતિઓ લખી છે. 'ઉંદરભાઇને આંખો આવી.' આ બાળ કાવ્યને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ઍવોર્ડ મળ્યો છે.

### (૫) ખમ્મા વીરાને (સ્નેહગીત)

ન્હાનાલાલ : ન્હાનાલાલનો જન્મ ઈ.સ. ૧૮૭૭માં અમદાવાદમાં થયો હતો. તેમણે વિપુલ અને રસ-સભર સાહિત્ય સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. કાવ્યો, નાટકો, નવલકથા, વિવેચન, ચરિત્ર વગેરે સાહિત્યના ક્ષેત્રમાં તેમણે ખેડાણ કર્યું છે.

### (૬) સુગંધ કચ્છની (પત્રલેખન)

ડૉ. દર્શના ધોળકિયા : દર્શના ધોળકિયાનો જન્મ ઈ.સ. ૧૯૬૨માં કચ્છમાં ભૂજ ખાતે થયો છે. તેઓ એમ.એ., પી.એચ.ડી. થયા છે. શ્રી. આર. આર. લાલન કૉલેજ ભૂજ ખાતે વ્યાખ્યાતા તરીકે કાર્યરત છે. ગુજરાતી સાહિત્યમાં વિવિધ ક્ષેત્રે તેમનું પ્રદાન છે. તેમને નરસિંહ ચરિત્ર અને ગુજરાતના સર્જકોનું પ્રાથમિક શિક્ષણ પારિતોષિક પ્રાપ્ત થયાં છે.

### (૭) તરુવર - (પર્યાવરણ ગીત)

કિશોરલાલ મશરૂવાળા : તેઓ ગાંધીયુગના લેખક હતા. તેમનો જન્મ ૧૮૯૦માં થયો હતો. સામાજિક અને આધ્યાત્મિક વિષયો પર તેમની પકડ હતી. આઠ વર્ષ સુધી તેઓ 'હરિજન'ના સંપાદક હતા. 'ગાંધી અને માર્ક્સ', 'ગીતાધ્વનિ' 'બુધ્ધ અને મહાવીર' એ તેમનાં પ્રસિધ્ધ પુસ્તકો છે.

### (૮) વિટામિન ઝિંદાબાદ (નાટક)

મગનલાલ ગંધા : તેમનો જન્મ ઈ.સ. ૧૯૩૭માં જામ-જોધપુર (રાજકોટ)માં થયો હતો. બી.એ.; બી.એડ; હોવાથી તેમનામાં શિક્ષક તરીકેના સહજ ગુણો હતા. તેમની 'પછેડી જેવડી સોડ' કૃતિ ભારત સરકાર દ્વારા પુરસ્કૃત હતી. તો 'રખડપટ્ટી' ગુજરાત સરકાર દ્વારા પુરસ્કૃત હતી. 'ઇચ્છાનાં હરણ' તેમનો કાવ્યસંગ્રહ છે.

## સાહિત્ય પરિચય - અધ્યયન નિષ્પત્તિ   ધોરણ - સાતમું

### અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા

દરેક વિદ્યાર્થીઓને (જુદી રીતે સક્ષમ બાળકો સહિત) વ્યક્તિગત અથવા સામૂહિક પ્રોત્સાહન આપવું. તેમને -

- ➢ પોતાની ભાષામાં બોલવાની તેમજ ચર્ચા કરવાની તક આપવી.
- ➢ ઉપયોગમાં લેવાતી ભાષાની બારિકાઈ વિશે ચર્ચા કરવાની તક આપવી.
- ➢ સક્રિય અને જાગૃત બનાવવા માટે તૈયાર કરાતું સાહિત્ય (જેમકે - વર્તમાન પત્ર, પત્રિકા, ચલચિત્ર અને દૃશ્યશ્રાવ્ય સાહિત્ય વગેરે) જોવાની, સાંભળવાની, વાંચવાની, લખવાની અને ચર્ચા કરવાની તક આપવી.
- ➢ સમૂહમાં કાર્ય કરતી વખતે એકબીજાના કામ બાબતે ચર્ચા કરવી, મત આપવો-લેવો, પ્રશ્ન પૂછવાની સ્વતંત્રતા આપવી.
- ➢ ગુજરાતીની સાથે જ પોતાની ભાષાનું સાહિત્ય વાંચવાની તેમજ લખવાની સુવિધા અને તેના પર ચર્ચા કરવાની છૂટ આપવી.
- ➢ પોતાના પરિવાર અને સમાજ સાથે સંબંધિત વિવિધ સાહિત્યનું વાંચન અને તેના પર ચર્ચા કરવાની તક આપવી.
- ➢ પોતાની ભાષા વાંચતી વખતે લખવા સંદર્ભની ક્રિયાઓ પણ આયોજિત કરવી. દા.ત. શબ્દ રમત, કોયડા.
- ➢ ગુજરાતી ભાષાના સંદર્ભને અનુસરીને ભાષાનું વિશ્લેષણ (વ્યાકરણ, વાક્યરચના, વિરામચિહ્નો, વગેરે) કરવાની તક આપવી.
- ➢ કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ, કરનારી ક્રિયા દા.ત. અભિનય, મૂક અભિનય, કવિતા, પાઠ, સર્જનાત્મક લેખ, વિવિધ પરિસ્થિતિમાં સંવાદ વગેરેનું આયોજન કરવું અને તેની તૈયારી સંબંધિત લેખિત સાહિત્ય અને અહેવાલ લેખનની તક આપવી.
- ➢ સાહિત્ય અને સાહિત્યિક તત્વોની સમજૂતી વધારવાની તક આપવી.
- ➢ શબ્દકોશનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા.
- ➢ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ગવાતા લોકગીતોનો સંગ્રહ કરવો તથા તેમને લય સહિત પ્રસ્તુત કરવાની તક આપવી.
- ➢ ભાષાને સમૃદ્ધ કરવા માટે બાળ સાહિત્યની સાથે અન્ય સાહિત્યનો સંગ્રહ અને તેની રજૂઆત કરવાની તક આપવી દૈનિક જીવનમાં અને અન્ય કાર્યક્રમો દ્વારા વિવિધ વિષયો રજૂ કરવાની તક આપવી.
- ➢ પરિસરમાંના વિવિધ સ્થળો, મળતી વિવિધ વ્યક્તિઓ વિશે પોતાના વિચાર રજૂ કરવાની તક આપવી.

### અધ્યયન નિષ્પત્તિ

**07-LT-01** જોયેલી અને સાંભળેલી ઘટના (દા.ત. સ્થાનિક, સામાજિક ઘટના, કાર્યક્રમ) વિશે વિના સંકોચે પ્રશ્ન પૂછે છે, મત વ્યક્ત કરે છે.

**07-LT-02** જોયેલી, સાંભળેલી વાર્તા/ઘટના પોતાની ભાષામાં રજૂ કરે છે, લખે છે.

**07-LT-03** રેડિયો, દૂરદર્શન, વર્તમાનપત્ર, ઈંટરનેટમાં જોયેલી, સાંભળેલી ઘટનાઓ પોતાના શબ્દોમાં રજૂ કરે છે. તથા તેના વિશે વધુ માહિતી મેળવે છે.

**07-LT-04** વિવિધ પ્રસારમાધ્યમોમાં પ્રસારિત થતાં સમાચારો, ચર્ચા અને સંવાદો સમજીને સાંભળે છે.

**07-LT-05** વિવિધ વિષયો માટે, વિવિધ ઉદ્દેશો માટે વિરામ ચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરીને લખે છે.

**07-LT-06** જુદા જુદા પ્રસંગે, જુદા જુદા ઉદ્દેશાનુસાર લખતી વખતે શબ્દ, વાક્ય, રૂઢિપ્રયોગ, કહેવતોનો યોગ્ય ઉપયોગ કરે છે.

**07-LT-07** પાઠ, કવિતા, હાસ્યલેખ, ગીતો વગેરે ધ્યાનપૂર્વક સાંભળીને તેનો આનંદ લે છે, યોગ્ય આરોહ-અવરોહ સહિત ગાય/વાંચે છે.

**07-LT-08** પોતાને ગમેલી વાર્તા, હાસ્યલેખ, કવિતાનું અભિનય સહિત પ્રસ્તુતીકરણ કરે છે.

**07-LT-01** વર્તમાન પત્રો, માસિકો અને પુસ્તકોમાંના બાળસાહિત્યનું સમજપૂર્વક વાંચન કરીન આનંદ મેળવે છે, સંગ્રહ કરે છે.

**07-LT-09** સાર્વજનિક સ્થળો પરની સૂચના સમજીને વાંચે છે.

**07-LT-10** ઘર તથા પરિસરમાં થતા અનૌપચારિક સંવાદો સાંભળે છે, સમજે છે.

**07-LT-11** વડીલો સાથેના સંવાદમાં, મિત્રો સાથેની સમૂહચર્ચામાં સહભાગી થઈ પોતાનો સ્પષ્ટ મત રજૂ કરે છે.

**07-LT-12** આપેલા શબ્દો, શબ્દ સમૂહો, કહેવતો અને રૂઢિપ્રયોગોનો દૈનિક જીવનમાં ઉપયોગ કરે છે, તેમનો સંગ્રહ કરે છે.

**07-LT-13** યોગ્ય ગતિ સહિત સમજપૂર્વક પ્રગટવાંચન અને મૂકવાંચન કરે છે.

**07-LT-14** ભાષિક રમતો સંબંધિત માહિતી આપે છે.

**07-LT-15** ઘર, શાળા, સમાજ અને પરિસરમાં થતા ઉપક્રમોમાં સહભાગી થાય છે.

**07-LT-16** આપેલા ફકરાનું સમજપૂર્વક વાંચન કરીને યોગ્ય શીર્ષક આપે છે.

**07-LT-17** આપેલા વિષય માટે પ્રશ્નાવલી તૈયાર કરીને લખે છે.

**07-LT-18** પરિસરમાંની સામાજિક સમસ્યાઓ વિશે જાગૃતિ નિર્માણ થાય તે માટે યોગ્ય વિચારો રજૂ કરે છે.

**07-LT-19** હાસ્ય કથાઓ વાંચીને તેનો આનંદ લે છે.

**07-LT-20** લેખન કરતી વખતે બે શબ્દોની વચ્ચે યોગ્ય અંતર રાખે છે.

**07-LT-21** પરિચ્છેદનું યોગ્ય અનુલેખન અને શ્રુતલેખન કરે છે.

**07-LT-22** પોતાના શબ્દોમાં ચિત્ર/પ્રસંગનું વર્ણન લખે છે.

**07-LT-23** વ્યાકરણના ઘટકો વિશે માહિતી મેળવે છે અને તેનો યોગ્ય ઉપયોગ કરે છે. દા.ત. ક્રિયાવિશેષણ અવ્યય, શબ્દયોગી અવ્યય, ઉભયાન્વયી અવ્યય, કેવળપ્રયોગી અવ્યય, પૂર્ણવિરામ, અલ્પવિરામ, પ્રશ્નાર્થચિહ્ન અને જોડણીના નિયમો.

**07-LT-24** શબ્દકોશનો યોગ્ય ઉપયોગ કરે છે.